**BY E-MAIL :**

**ક્રમાંક:મકમ/મ–૮/મહેકમ/૨૦૨૫/**

**કમિશનર શાળાઓની કચેરી,**
**બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર**
**સેકટર–૧૯, ગાંધીનગર**
**તા. /૦૯/૨૦૨૫**

**પ્રતિ,**

- નાયબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર. (તેઓના હસ્તકની પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીને જાણ કરવા સારું.)
- સચિવશ્રી,સમગ્ર શિક્ષા ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- મદદનીશ કમિશ્નરશ્રી, પી. એમ. પોષણ યોજનાની કચેરી, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ

**વિષય : સેવા જોડાણની દરખાસ્ત બાબત**
**સંદર્ભ:શિક્ષણ વિભાગનો તા.૨૫/૦૯/૨૦૨૫નો પત્ર**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્રથી શિક્ષણ વિભાગ દ્વારા સીધી ભરતીથી જોડાયેલા અધિકારીશ્રીઓના રજા અને પેન્શનના હેતુસર સેવા સળંગ કરવા અંગે કેમ્પનું આયોજન કરવા બાબતની દરખાસ્ત પરત્વે નાણા વિભાગ દ્વારા સેવા સળંગ કરવા અંગે તા.૦૬/૧૦/૨૦૨૫ થી તા. ૦૮/૧૦/૨૦૨૫ના રોજ કેમ્પનું આયોજન કરેલ છે. જેમાં નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ દરખાસ્ત રજુ કરવા જણાવેલ છે.

- અધિકારીશ્રીની હાલની સેવામાં અજમાયશી સમયગાળો પૂર્ણ થયેલ ન હોય, જે કર્મચારીશ્રીની બે સેવા વચ્ચે તૂટ હોય તેમજ કર્મચારીની એડહોક સેવાને સીધી ભરતીની સેવા સાથે જોડવાની હોય તેવા તમામ કેસમાં સામાન્ય વહીવટ વિભાગની મંજૂરી જરૂરી હોઈ, દરખાસ્ત હાલ કેમ્પમાં રજુ કરવાની થતી નથી.
- ફિક્સ પગારની સેવાઓ જોડવા બાબતે સરકારશ્રીમાં કોઈ નિયમો અમલમાં નથી. આથી તેવી દરખાસ્તો પણ રજુ કરવાની થતી નથી.
- સરકારી સેવાઓ રજા અને પેન્શનના હેતુસર જોડી શકાય છે. તેમજ પગારના હેતુસર સેવા જોડવાની બાબતે નાણા વિભાગના સેવા પ્રભાગ અને તે અંગેની સત્તા નાણા વિભાગના સચિવશ્રીને આપવામાં આવેલ છે. જે પેન્શન પ્રભાગને સંબંધિત ન હોઈ પગારના હેતુસર સેવા જોડવા દરખાસ્ત કરવાની થતી નથી.

- ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓની સેવાઓ માત્ર પેન્શનના હેતુસર જોડવાની થતી હોય, પેન્શનના હેતુસર જ સેવા જોડવા દરખાસ્ત કરવામાં આવે અને તે મુજબ ચેકલીસ્ટમાં જરૂરી અભિપ્રાય આપી દરખાસ્ત થાય તે જોવાનું રહેશે.

  અત્રેની કચેરી ખાતે જે અધિકારીશ્રીઓએ અગાઉ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓની સેવાઓ જોડવા માટે અત્રેની કચેરી ખાતે દરખાસ્ત કરેલ છે, જેમાં નાણા વિભાગના તા.૨૯/૦૮/૨૦૦૩ના ઠરાવ અન્વયે નિયત થયેલ ચેકલીસ્ટ મુજબ ચેકલીસ્ટના કોલમ નં ૧૩ના મુદ્દા પ્રમાણે" કયા મુદ્દા અને કયા કારણસર નાણા વિભાગની સંમતિ જરૂરી છે તેની સ્પષ્ટતા" માં આ સાથે સામેલ પત્રક મુજબના અધિકારીશ્રીઓઓએ કોલમ નં ૧૩માં અગાઉ બજાવેલ સેવાને હાલની સેવા સાથે રજા અને પેન્શનના હેતુસર જોડવા નાણા વિભાગની સંમતિ જરૂરી છે. તેવું દર્શાવેલ છે, ચેકલીસ્ટના કોલમ ૧૩માં "અગાઉની બજાવેલ સેવાને હાલની સેવા સાથે પેન્શનના હેતુસર જોડવા નાણા વિભાગની સંમતિ જરૂરી છે." તે મુજબનો સુધારો કરી ચેકલીસ્ટમાં સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિકકા સાથે તા.૨૯/૦૯/૨૦૨૫ના રોજ રૂબરૂમાં અત્રેની કચેરી ખાતે ચેકલીસ્ટ જમા કરવા જણાવવાવામાં આવે છે. તા.૨૯/૦૯/૨૦૨૫ના બાદ જો કોઈ ચેકલીસ્ટ જમા કરવવા આવશે તો તે સ્વીકારવામાં આવશે નહી.જેની ખાસ નોંધ લેવી.(બિડાણ-૧માં અધિકારીશ્રીઓનું લિસ્ટ સામેલ છે.)
- તા.૦૧/૦૪/૨૦૦૫ પછી સરકારી સેવામાં નિમણૂક પામેલ અધિકારીશ્રીની સેવા માત્ર રજાના હેતુસર જોડી શકાય છે.
- તા.૦૧/૦૪/૨૦૦૫ પછી નિમણૂક પામેલ સરકારી કે ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાની સેવા પેન્શનના હેતુસર જોડવાની થતી નથી. તા.૦૧/૦૪/૨૦૦૫ પચે નિમણૂક પામેલ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાની સેવા રજાના હેતુસર પણ જોડવાની થતી નથી.
- જે અધિકારીશ્રીઓનું અગાઉ રજાના હેતુ માટે જોડાણ થઇ ગયેલ છે, અને હવે પેન્શનના હેતુસર જ જોડાણ કરવાનું બાકી છે,તેવા અધિકારીશ્રીઓએ પણ નાણા વિભાગના તા.૨૯/૦૮/૨૦૦૩ના ઠરાવ અન્વયે નિયત થયેલ ચેકલીસ્ટ મુજબ ચેકલીસ્ટના કોલમ નં ૧૩ના મુદ્દા પ્રમાણે" કયા મુદ્દા અને કયા કારણસર નાણા વિભાગની સંમતિ જરૂરી છે તેની સ્પષ્ટતા" માં આ સાથે સામેલ પત્રક મુજબના અધિકારીશ્રીઓઓએ કોલમ નં ૧૩માં અગાઉ બજાવેલ સેવાને હાલની સેવા સાથે રજા અને પેન્શનના હેતુસર જોડવા નાણા વિભાગની સંમતિ જરૂરી છે. તેવુચ દર્શાવેલ છે , ચેકલીસ્ટના કોલમ ૧૩માં "અગાઉની બજાવેલ સેવાને હાલની સેવા સાથે પેન્શનના હેતુસર જોડવા નાણા વિભાગની સંમતિ જરૂરી છે." તે મુજબનો સુધારો કરી ચેકલીસ્ટમાં સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિકકા સાથે તા.૨૯/૦૯/૨૦૨૫ના રોજ રૂબરૂમાં અત્રેની કચેરી ખાતે ચેકલીસ્ટ જમા કરવા જણાવવાવામાં આવે છે. તા.૨૯/૦૯/૨૦૨૫ના બાદ જો કોઈ ચેકલીસ્ટ જમા

કરાવવા આવશે તો તે સ્વીકારવામાં આવશે નહી.જેની ખાસ નોંધ લેવી.(બિડાણ–૨માં અધિકારીશ્રીઓનું લિસ્ટ સામેલ છે.)

**(ડૉ. એમ. જી. વ્યાસ)**
**નાયબ શિક્ષણ નિયામક(મહેકમ)**
**ગુ.રા.ગાંધીનગર.**

**બિડાણ : ઉપર મુજબ(પત્રક–૧ અને પત્રક–૨)**